સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા/ઘટક કચેરીઓની વર્ગ-૩ ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક; WCDD/CIE/e-file/23/2023/1603/B1 Branch

સચિવાલય, ગાંધીનગર

તા.ઇ-સાઇન મુજબ.

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/1603/B1, તા.૧૮/૧૨/૨૦૨૪
2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ) કચેરીનો તા.૨૩/૦૯/૨૦૨૫નો પત્ર, પત્ર ક્રમાંક: ICDS/0585/09/2025

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્રમાંક (૧) થી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને ઘટક કચેરીઓની ૧૫ જગ્યાઓ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેનપાવર ઉપલબ્ધ થયેથી જગ્યા ભરેલ હોવાની શરતે સદર જગ્યાઓની સેવાઓ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) થી ઉક્ત કુલ-૧૫ જગ્યાની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧ માસ લંબાવવા અંગે કમિશ્નરશ્રી(આઇસીડીએસ)ની કચેરી દ્વારા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા અને મ.ન.પા કક્ષાની કુલ-૦૫ અને ઘટક કક્ષાની કુલ-૦૯ એમ કુલ-૧૪ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓની તા.૦૧/૧૧/૨૦૨૫ થી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૩૦/૦૯/૨૦૨૬ સુધી અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય એ બેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે નીચેની શરતોને આધિન સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | આઉટસોર્સથી ભરવાની જગ્યાનું નામ | જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાની જગ્યાઓ | ઘટક કક્ષાની જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૯ | ૧૦ |
| ૨ | હિસાબનીશ | ૦૩ | -- | ૦૩ |
| ૩ | જુ.કલાર્ક | ૦૧ | -- | ૦૧ |
| | કુલ | ૦૫ | ૦૯ | ૧૪ |

શરતો:

1. આંકડા મદદનીશ માટે માસિક રૂ.૨૫,૦૦૦/- ફિક્સ વેતન થી આ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સ થી મેળવવાની રહેશે.
2. આંકડા મદદનીશ સિવાયની જગ્યાઓ માટે લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર નિયત કરેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૧૨/૦૬/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.આર.પ્રજાપતિ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ..(કમિ.શ્રીની કચેરી મારફત)
4. સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,.જિ...(કમિ.શ્રીની કચેરી મારફત)
5. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ,
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
8. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વેબસાઈટ પર અપલોડ કરવા સારું.
9. શાખા સિલેકટ ફાઈલ

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.06.20 15:57:07 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign